

ઉન પાટિયામાં વેસ્ટેજ કપડાંના ખુલ્લા ગોડાઉનમાં ભીષણ આગ

આગની ગંભીરતાને પગલે છ ફાયર સ્ટેશનની 10થી 12 ગાડીઓ સાથે 50થી 60 ફાયર જવાનો કામે લાગ્યા; બે જેસીબીની પણ મદદ લેવાઈ

મનપાની ખજોદ ડિસ્પોઝલ સાઈટ જેવી ખાનગી સાઈટ ઉભી કરી દેવાઈ

સુરતઃ શહેરના સચિન વિસ્તારમાં આવેલા ઉન પાટિયા ખાતે ખુલ્લામાં રાખવામાં આવેલા વેસ્ટેજ કપડાંના વિશાળ જથ્થામાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતા ભારે દોડધામ મચી ગઈ હતી. ૪ થી ૯ વીઘા જેટલા વિશાળ ખુલ્લા ખેતરમાં ગેરકાયદેસર રીતે સંગ્રહિત કરાયેલા આશરે 1,000 ટન ચીંદી અને વેસ્ટેજ કાપડનો જથ્થો આગની લપેટમાં આવી ગયો હતો. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું,બીજી તરફ આગની ઊંચી જ્વાળાઓ અને ધુમાડાના કાળા ગોટેગોટા આકાશમાં દૂર દૂર સુધી દેખાતા હતા. સમગ્ર વિસ્તારમાં ધુમાડો ફેલાઈ જતાં આસપાસના લોકો અને કામદારોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

શહેરના અલગ અલગ વિસ્તારોમાં સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ અને સુડાના અધિકારીઓની બેદરકારીના કારણે આડેધડ શહેરમાં કોટેજ ઇન્ડસ્ટ્રીયલના બહાને ગેરકાયદે બાંધકામો ખડકી દેવામાં આવ્યા છે. શહેરના ખુલ્લા પ્લોટમાં ગેરકાયદે વેસ્ટેજ કચરાના ગોડાઉનો બનાવી દેવામાં આવ્યા છે. સુરત શહેરમાં છેલ્લા 12 કલાકની અંદર બનેલી બે મોટી આગની દુર્ઘટનાએ પાલિકા અને સુડાના અધિકારીઓની કામગીરી સામે સવાલો ઉભા કર્યા છે. ડીંડોલી વિસ્તારમાં ઉન ખરવાસા રોડ ઉપર આવેલ નહેર પાસે આઠ થી નવ વીઘા જમીનમાં કેટલાક લોકો દ્વારા ગેરકાયદે ઇન્ડસ્ટ્રીયલ વેસ્ટેજ કચરાનું ગોડાઉન બનાવી દેવામાં આવ્યું છે. જેમાં કાપડના વેસ્ટેજ ટુકડાઓ સાથે લાકડાનો વેસ્ટેજ કચરો તથા સિંદીનો જથ્થો મોટા પ્રમાણમાં ખુલ્લી જમીનમાં ખડકી દેવામાં આવ્યો છે. સુરત મહાનગર પાલિકાની ખજોદ ડિસ્પોઝલ સાઇડ જેવી જ એક નવી ખાનગી ડિસ્પોઝલ સાઇડ ઉભી કરી દેવામાં આવી હોય તેમ 15 ફૂટ જેટલો ઊંચાઈ ધરાવતો કચરાનો ઢગલો અહીં ખડકી દેવામાં આવ્યો છે. આ દરમિયાન આજે સવારે 10:00 વાગ્યાના અરસામાં કાપડના વેસ્ટેજ કચરામાં આગ લાગી હતી. ગણતરીની મિનિટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા આગ વાયુવેગે ફેલાઈ હતી. બનાવની જાણ ફાયર વિભાગને કરવામાં આવતાં જ ફાયર બ્રિગેડનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. આગની વિકરાળતાને ધ્યાનમાં રાખીને શહેરના છ અલગ અલગ ફાયર સ્ટેશનમાંથી શરૂઆતમાં નવ જેટલી ફાયર ગાડીઓ રવાના કરવામાં આવી હતી. ભેસ્તાન, ઉન, કતારગામ, આંજણા, માન દરવાજા, ડીંડોલી, ભીમરાડ, મજુરા, સરથાણા, મોટા વરાછા ફાયર સ્ટેશનની કુલ 15 જેટલી ગાડીઓનો કાફલો ઘટના સ્થળે ખડકી દેવામાં આવ્યો હતો. મોડી સાંજે પણ કોઈપણ પ્રકારની લાઇટની સુવિધા વગર પણ ફાયર બ્રિગેડના જવાનોએ આગને કાબુમાં લેવાની કામગીરી યથાવત રાખી છે. ૪ થી ૯ વીઘા જમીનમાં બનાવવામાં આવેલ ગેરકાયદે આખું ગોડાઉન આગની ઝપેટમાં આવી જતા ફાયર બ્રિગેડ વિભાગ દોડતું થઈ ગયું છે.

આગ બુઝાવવા જેસીબીની મદદ લેવી પડી

આગ બુઝાવવાની કામગીરીમાં મદદ માટે બે જેસીબી મશીન પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી. જેસીબીની મદદથી કપડાંના જથ્થાને અલગ કરવાની અને આગ બુઝાવવાની કામગીરી કરવામાં આવી રહી હતી. આ અંગે ફાયર સબ ઓફિસર ક્રિષ્ના મોઢે માહિતી આપતા જણાવ્યું હતું કે, ઉન પાટિયા વિસ્તારમાં વેસ્ટેજ કપડાંના ખુલ્લા ગોડાઉનમાં આગ લાગવાની જાણ થતાં જ ફાયર વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. આગની ગંભીરતાને જોતા છ અલગ અલગ ફાયર સ્ટેશનની મદદ લેવામાં આવી છે. હાલમાં 10થી 12 ફાયર ટેન્કર અને અંદાજે 50થી 60 ફાયર કર્મચારીઓ આગ પર કાબૂ મેળવવાની કામગીરીમાં જોડાયા હતા. આ ઉપરાંત બે જેસીબી પણ મંગાવવામાં આવી છે. સમગ્ર વિસ્તાર મોટો હોવાથી આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવા માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. હાલ આ બનાવમાં કોઈ જાનહાનિ થયાની માહિતી સામે આવી નથી. જોકે, આગમાં વેસ્ટેજ કપડાંનો મોટો જથ્થો બળીને ખાખ થયો હોવાની આશંકા છે. આગ કયા કારણોસર લાગી તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવ્યા બાદ નુકસાનનો અંદાજ અને આગ લાગવાનું ચોક્કસ કારણ જાણી શકાશે.

પવનના કારણે આખા ખેતરમાં આગ પ્રસરી

વધુમાં ફાયર ઓફિસર ક્રિષ્ના મોઢે જણાવ્યું હતુ કે, ખુલ્લા ખેતરમાં પવનનું જોર વધુ હોવાથી લાગેલી આગે જોતજોતામાં આખા ૯ વીઘા વિસ્તારને ઝપેટમાં લઈ લીધો હતો.આગ બુઝાવવાની કામગીરી છેક મોડી સાંજ સુધી ચાલી હતી. ફાયર બ્રિગેડનાં જવાનો સતત પાણીનો મારો ચલાવી રહ્યાં હોવા છતાં કપડાનો જથ્થો ખુબ મોટા પ્રમાણમાં હોવાને કારણે મોડી સાંજે પણ આગ ઓલવવામાં ફાયર બ્રિગેડની ટિમોએ તેમનાં પ્રયાસ સતત જારી રાખ્યા છે.

સિંચાઈ વિભાગની નહેરમાંથી પાણીનો જથ્થો લેવાયો

આર્થિક લાભ માટે ખેતરમાં ગેરકાયદે ગોડાઉન બનાવી દેવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનોની ગાડીઓ આગ કાબુમાં લેવા માટે પહોંચી ત્યારે કોઈપણ પ્રકારનો રસ્તો નહીં હોવાને કારણે ગાડીઓને ઘટના સ્થળ સુધી પહોંચવામાં પણ ભારે તકલીફનો સામનો કરવો પડ્યો હતો. જોકે બાદમાં ફાયર વિભાગ દ્વારા નજીકમાંથી પસાર થતી સિંચાઈ વિભાગની નહેરમાં એક દરવાજો બંધ કરી પાણી ખેંચવા માટે ગાડી કામે લગાવી પાણી ખેંચવાનું કામ ચાલુ કર્યું હતું અને ત્યાંથી ફાયર બ્રિગેડની ગાડીઓ તાત્કાલિક ભરી આગ વાળી જગ્યા પર પહોંચાડવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી.

સુડાના અધિકારીઓને પડી જ ન હોય તેમ ઘટનાસ્થળે કોઈ ફરક્યું જ નહીં

ભીષણ આગની ઘટના બાદ ફાયર કંટ્રોલ દ્વારા ઉધના બી ઝોનના અધિકારીઓને જાણ કરવામાં આવી હતી પરંતુ તેઓએ આ જગ્યા સુડામાં આવતી હોવાનું જણાવતા સુડાના અધિકારીઓને પણ કંટ્રોલ વિભાગમાંથી જાણ કરવામાં આવી હતી. સુડાના અધિકારીઓએ ઘટના સ્થળે પહોંચી આગ વધુ ન પ્રસરે તે માટે જીસીબી મશીનો કામે લગાવી કચરાને સાઇડ કરવાને બદલે પોતાની કોઈ જવાબદારી બનતી ન હોય તે રીતે વલણ જોવા મળ્યું હતું અને ફાયર બ્રિગેડ કંટ્રોલ વિભાગ દ્વારા જાણ કરાયાના 10 કલાક બાદ પણ સુડાનો એક પણ અધિકારી ઘટનાસ્થળે ફરકવાની તસ્દીદના લીધી ન હતી.

રામપુરામાં લાકડાના કાચા મકાનમાં આગ લાગી

રામપુરાની બકરા શેરીમાં લાલ મિયા મસ્જિદ નજીકની ઘટના, આસપાસનાં મકાનો આગની લપેટમાં આવતાં બચ્યાં

સુરતઃ શહેરના રામપુરા વિસ્તારમાં આવેલા લાલ મિયા મસ્જિદ નજીક બકરા શેરીમાં ગઈકાલે મોડી રાત્રે લાકડાના કાચા મકાનના પહેલા માળે અચાનક આગ ફાટી નીકળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, રામપુરા લાલ મિયા મસ્જિદ નજીક આવેલી બકરા શેરીમાં મુનાફ ઇકબાલ શેખનું ગ્રાઉન્ડ પ્લસ વન માળનું લાકડાનું કાચું મકાન આવેલું છે. ગઈકાલે રાત્રે અચાનક મકાનના પહેલા માળે અજાણ્યા કારણોસર આગ લાગવાની શરૂઆત થઈ હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં મકાનમાંથી આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા બહાર આવવા લાગ્યા હતા. લાકડાનું બાંધકામ હોવાથી આગ વધુ ઝડપથી પ્રસરી રહી હતી, જેના કારણે આસપાસના રહેવાસીઓમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતાં તાપીપુરા ફાયર સ્ટેશન ઉપરાંત નવસારી બજાર અને ઘાંચી શેરી ફાયર સ્ટેશનની ટીમો વાહનો સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવવા કામગીરી હાથ ધરી હતી. ત્રણેય ટીમની સંકલિત કામગીરી અને ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. સમયસર આગ બૂઝાવી દેવામાં આવતાં આસપાસનાં અન્ય મકાનો આગની લપેટમાં આવતાં બચી ગયાં હતાં અને મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી.


સરથાણામાં ઘર પાસે પાક કરેલી કારમાં આગ ભભૂકી

સુરત : ફાયર બ્રિગેડ પાસેથી મળેલી વિગત મુજબ સરથાણામાં એબીસી સર્કલ પાસે મારુતિ ધામ રો હાઉસમાં રહેતા યુગ પાંચાણીએ ઘર પાસે કાર પાર્ક કરી હતી. જોકે શુક્રવારે મોડી રાત્રે તેમની કારમાં કોઈ કારણસર આગ ભડકી ઉઠી હતી. જેથી ત્યાં ધુમાડો નીકળતા સ્થાનિક લોકો બહાર દોડી આવ્યા હતા. કોલ મળતા ફાયર જવાનો ત્યાં પહોંચી પાણીનો છંટકાવ કરી થોડા સમયમાં આગને ઓલવી હતી. જેથી ત્યાં પાર્ક કરેલી અન્ય વાહનો બચી ગયા હતા. જેના લીધે ત્યાંના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

સુરત એરપોર્ટ આસપાસના વિસ્તારનો GIS મેપિંગ સરવે પૂર્ણ

વિશેષ વિમાનમાં આધુનિક ઉપકરણો ગોઠવી CD, લેન્ડ અને ટોપોગ્રાફી સર્વે કરાયો

થ્રીડી મોડેલિંગથી શહેરની જમીન, ઇમારતોની ઊંચાઇ અને ટાઉન પ્લાનિંગની સ્થિતિનો ડિજિટલ રેકોર્ડ તૈયાર થશે



સુરત : એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI) દ્વારા સુરત એરપોર્ટની આસપાસના વિસ્તાર સહિત સુરત શહેરનો આધુનિક GIS (જિયોગ્રાફિક ઇન્ફોર્મેશન સિસ્ટમ) મેપિંગ સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે. વિશેષ ઉપકરણોથી સજ્જ વિમાન દ્વારા હાથ ધરાયેલા આ એરિયલ સર્વેમાં જમીનની સ્થિતિ, સપાટીનું સ્તર, શહેરી વિસ્તારની રચના અને ઇમારતોની ઊંચાઈ સંબંધિત વિગતો એકત્રિત કરવામાં આવી હોવાનું AAIનાં સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સર્વેમાં CD મેપિંગ, લેન્ડ મેપિંગ, અર્બન લેન્ડ મેપિંગ અને જમીનનું સરફેસ લેવલ જાણવા માટે ટોપોગ્રાફી સર્વે કરવામાં આવ્યો હતો. આ માટે વિશેષ પ્રકારનાં સર્વે ડિવાઇસ વિમાનમાં ગોઠવવામાં આવ્યાં હતાં. લાઇડર (LiDAR) ટેક્નોલોજી આધારિત થ્રીડી સર્વે દ્વારા જમીનની સપાટી ઉપરાંત ઇમારતો, રસ્તાઓ અને અન્ય બાંધકામોની ઊંચાઈની માપણી પણ કરવામાં આવી હોવાની શક્યતા છે. AAIનાં સૂત્રોએ જણાવ્યું હતું. સાયણથી મરોલી સુધીના શહેરી વિસ્તારની ઉચ્ચ રિઝોલ્યુશનવાળી એરિયલ તસવીરો તથા ભૂ-સપાટી અને ઊંચાઈ સંબંધિત ડેટા એકત્રિત કરવાનો આ કામગીરીનો મહત્ત્વનો હેતુ હોવાનું મનાય છે. આ સર્વેના પરિણામે શહેરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને શહેરી આયોજન માટે ઉપયોગી ડિજિટલ ડેટાબેઝ તૈયાર થઈ શકશે. રસ્તા, ફ્લાયઓવર, મેટ્રો કોરિડોર, ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર નેટવર્કના આયોજનમાં આ માહિતી ઉપયોગી બની શકે છે. ઉપરાંત જમીનના રેકોર્ડ, મિલકતોની સીમાઓ, બાંધકામોની ઊંચાઈ અને સંભવિત દબાણોની ઓળખ માટે પણ આ ડેટાનો ઉપયોગ થઈ શકે છે. ખાસ કરીને એરપોર્ટની આસપાસ ઊંચી ઈમારતો, મોબાઇલ ટાવર અને ક્રેન જેવા અવરોધોની ઊંચાઈ જાણી વિમાનોના ટેકઓફ અને લેન્ડિંગની સુરક્ષા માટે પણ આ માહિતી મહત્ત્વપૂર્ણ બની શકે છે. દેશભરમાં એરપોર્ટ ધરાવતા શહેરોમાં આ પ્રકારનો સર્વે હાથ ધરવામાં આવી રહ્યો છે.

જેમ્સ એન્ડ જ્વેલરીને વૈશ્વિક વેગ આપવા GJEPCનું પ્રચાર અભિયાન

IGJS જયપુર 2027 અને IIJS ભારત સિગ્નેચર માટે 70થી વધુ દેશોના દૂતાવાસો અને વૈશ્વિક બજારોમાં સક્રિય પ્રચાર

સુરત : ભારતના જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગને વૈશ્વિક બજારમાં વધુ મજબૂત બનાવવાના પ્રયાસોના ભાગરૂપે જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC) દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોના પ્રચાર માટે વ્યાપક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

IGJS જયપુર 2027માં વિદેશી ખરીદદારોની ભાગીદારી વધારવા માટે GJEPCએ 70થી વધુ દેશોમાં ભારતીય દૂતાવાસો અને રાજદ્વારી મિશનોને સક્રિય કર્યા છે.

કાઉન્સિલના આ પ્રયાસોને સારો પ્રતિસાદ મળ્યો છે. ન્યૂઝીલેન્ડ, UAE, ચીન, જર્મની, ક્રોએશિયા, ઇન્ડોનેશિયા, કતાર, કેનેડા, બ્રાઝિલ, પોલેન્ડ, ઇટાલી અને બ્રિટન સહિત 20થી વધુ દેશોમાં ભારતીય દૂતાવાસોએ તેમની સત્તાવાર વેબસાઇટ પર પ્રદર્શનની વિગતો પ્રસિદ્ધ કરી છે.

ઇજિપ્ત, બ્રાઝિલ, ઇટાલી અને પોલેન્ડના દૂતાવાસોએ પણ GJEPCના પ્રયાસોની પ્રશંસા કરી છે. અમેરિકાની જ્વેલર્સ ઓફ અમેરિકા જેવી આંતરરાષ્ટ્રીય વેપારી સંસ્થાઓનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે.

IGJS જયપુરનું આયોજન 16થી 18 એપ્રિલ, 2027 દરમિયાન જયપુરના JECC ખાતે થશે.

બીજી તરફ, જાન્યુઆરી 2027માં યોજાનારા 18મા IIJS Bharat Signatureના પ્રચાર માટે GJEPCએ દુબઈમાં રોડ શો યોજ્યો હતો. પરંપરાગત મીના બજાર, કરામા સેન્ટર, ગોલ્ડ એન્ડ ડાયમંડ પાર્ક તથા સતવા માર્કેટમાં અંદાજે 70 જ્વેલરી સ્ટોર્સની મુલાકાત લઈ વેપારીઓને પ્રદર્શનમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત શારજાહમાં યોજાયેલા બીજા તબક્કાના રોડ શોમાં ચાર મુખ્ય જ્વેલરી બજારોના 40થી વધુ પ્રતિષ્ઠિત ખરીદદારો સાથે સંપર્ક સાધવામાં આવ્યો હતો.

અશ્વિનીકુમાર રોડ પરથી 3.69 કિલો ગાંજા સાથે ચાર ઝડપાયા

જાડાબાવાના ટેકરા ખાતે પ્લાસ્ટીકની ઝીપ બેગમાં ગાંજો પેક કરી વેચાણ કરતા હતા

સુરતઃ અશ્વિનીકુમાર રોડ પરથી પોલીસે ગાંજો ઝડપી પાડયો છે. અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.એન. ઝાલાને મળેલી બાતમીના આધારે જાડાબાવાના ટેકરા પાસે આવેલ તાસની વાડીના પતરાના મકાનમાં રેડ પાડી હતી.

આ મકાનમાં પ્રતિબંધિત ગાંજાનો જથ્થો લાવીને રાખતો હતો અને તેણે પકડાયેલા ચાર શખ્સોને ગાંજો નાની ઝિપ બેગમાં ભરવા માટે મજૂરી પર રાખ્યા હતા.પોલીસે સ્થળ પરથી પકડાયેલા આરોપીઓ (૧) સાહિલ ઉર્ફે ગોબો દિલીપભાઈ નાયકા (ઉ.વ. 19, રહે. તાસની વાડી), (૨) મહેન્દ્ર ઉર્ફે ભોલો મંગુભાઈ ચૌધરી (ઉ.વ. 30, રહે. કોસાડ ગામ, અમરોલી, મૂળ બારડોલી), (૩) સાગર હિંમતભાઈ ઘરણીયા (ઉ.વ. 23, રહે. કોસાડ આવાસ, મૂળ ગારીયાધાર) અને (૪) રાહુલ ઉર્ફે રઈશ લેબુજી ઠાકોર (ઉ.વ. 23, રહે. રામનાથ મહોલ્લો, એ.કે. રોડ, મૂળ પાટણ) ની ધરપકડ કરી છે.

પોલીસે સ્થળ પરથી રૂ. 1,84,600/- ની કિંમતનો 3.692 કિલોગ્રામ પ્રતિબંધિત ગાંજો, વજન કાંટો, કાતર, સ્ટેપલર, પ્લાસ્ટીકની 252 નંગ ઝીપ બેગો, 4 મોબાઈલ ફોન તથા આધારકાર્ડ અને લાઈટ બિલ સહિત કુલ રૂ. 2,00,700/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ઉધનામાં દરજીનું અપહરણ કરી મોબાઈલ લૂંટી લીધો

પોલીસે બાઇક પર આવેલા ચાર લૂંટારા સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી

સુરતઃ મૂળ પશ્ચિમ બંગાળના દક્ષિણ ચોવીસ પરગણા જિલ્લાના વતની અને હાલ ઉધના રૂપલ ઇન્ડસ્ટ્રીઝ કારખાનામાં રહીને ટેલરિંગનું કામ કરતા શામીમ નુબીરઅલી શેખ (ઉ.વ. 27) દ્વારા આ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગત તા. 12/11/2026 ના રોજ રાત્રિના આશરે ત્રણેક વાગ્યે શામીમભાઈ પોતાના કાકાના દીકરા યુનુસને વતન વેસ્ટ બંગાળ જવા માટે ઉધના રેલવે સ્ટેશને મૂકવા ગયા હતા. અને ત્યાંથી પરત કારખાને જવા માટે પોતાના મોબાઈલ ફોનમાં 'રેપીડો' (Rapido) એપ મારફતે ઓટોરિક્ષાનું બુકિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન વહેલી પરોઢે આશરે સાડા ચારથી પાંચ વાગ્યાના અરસામાં બે મોટરસાઇકલ પર ચાર અજાણ્યા શખ્સો ધસી આવ્યા હતા અને શામીમભાઈની પાસે ગાડીઓ ઊભી રાખી હતી.

બંને બાઈક પર પાછળ બેસેલા ઈસમો નીચે ઉતરીને શામીમભાઈ પાસે આવ્યા હતા અને એક ઈસમે ચપ્પુ બતાવીને ધમકી આપી હતી કે, 'ચુપચાપ બાઈક પર બેઠ જા, નહીં તો જાન સે હાથ ધોના પડેગા.' બાદમાં બંને ઈસમોએ જબરદસ્તી પકડીને બે બાઈકની વચ્ચે બેસાડી દીધા હતા અને તેમની પાછળ ચપ્પુ લઈને એક શખ્સ બેસી ગયો હતો.

આરોપીઓ શામીમભાઈને ઉધના રેલવે સ્ટેશનથી સાઉથ ઝોન તરફ બાઈક પર અપહરણ કરીને લઈ ગયા હતા. રસ્તામાં ચપ્પુ બતાવીને ધમકી આપવામાં આવી હતી કે જો થોડી પણ અવાજ કર્યો તો ચારેય જણા જાનથી મારી નાખશે.

સુરતમાં ૯૦૦થી વધુ પ્રધાનમંત્રી આવાસમાં ભાડૂતો રહેતા હોવાનું પકડાયું

મનપા દ્વારા ગેરકાયદેસર ભાડૂતો અને મકાનમાલિકોને કડક નોટિસ ફટકારાઈ

મકાન ખાલી નહીં કરાય તો કાનૂની પગલાં અને ફાળવણી રદ કરવાની ચીમકી

સુરત : સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) હેઠળ અત્યંત ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને પોતાના ઘરનું સ્વપ્ન પૂરું કરવા માટે આવાસ ફાળવવામાં આવ્યા હતા, પરંતુ આ યોજનાનો દુરુપયોગ થઈ રહ્યો છે. યોજનાના નિયમોને નેવે મૂકીને મકાનમાલિકો પોતે તેમાં રહેવાને બદલે અન્ય લોકોને ભાડે આપીને કમાણી કરી રહ્યા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ ગંભીર બાબતને ધ્યાને લઈને સુરત મહાનગરપાલિકાએ તાત્કાલિક ધોરણે તપાસ હાથ ધરી હતી, જેમાં 900 થી વધુ આવાસોમાં મૂળ લાભાર્થીઓ ગાયબ છે અને તેના બદલે ભાડૂતો રહેતા હોવાનું પકડાયું છે. પાલિકા દ્વારા આ તમામ ગેરકાયદે રીતે રહેતા ભાડૂતો અને મકાનમાલિકોને કડક નોટિસ ફટકારવામાં આવી છે. તેમ છતા ભાડુતોને નહી કાઢવામાં આવે તો મનપા હવે કાનુની પગલા લેશે.

એફોર્ડેબલ હાઉસિંગ કમિટીના ચેરમેન દિગ્વિજય સિંહના જણાવ્યા અનુસાર, આવાસોમાંથી એવી ફરિયાદો મળી હતી કે ડ્રો દ્વારા મકાન મેળવનારા અસલી લાભાર્થીઓ પોતે ત્યાં રહેવા જ ગયા નથી, પરંતુ ભાડેથી મકાન અન્ય લોકોને આપી દીધા છે. આ ગેરરીતિના કારણે વાસ્તવમાં જે ખરેખર જરૂરિયાતમંદ અને પાત્રતા ધરાવતા લોકો છે, તેઓ આ સસ્તી આવાસ યોજનાના લાભથી વંચિત રહી જાય છે. એટલું જ નહીં, આવાસમાં રહેતા ભાડૂતો દ્વારા સોસાયટીના મેન્ટેનન્સ કે અન્ય સામાન્ય ખર્ચમાં પણ સમયસર સહયોગ કે ફાળો આપવામાં આવતો નથી, જેના કારણે સોસાયટીના સ્થાનિક રહેવાસીઓને પણ ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. આ મામલે તંત્ર દ્વારા અત્યાર સુધીમાં મકાનમાલિકોને કુલ ત્રણ વખત નોટિસ આપવામાં આવી ચૂકી છે, જેમાં છેલ્લી નોટિસ દિવાળીના એક અઠવાડિયા અગાઉ પાઠવવામાં આવી હતી. તેમ છતાં જે મકાનમાલિકો હજુ પણ સત્તાવાર આવાસ ખાલી કરવા તૈયાર નથી, તેમની સામે પાલિકા દ્વારા હવે સીધી કાનૂની કાર્યવાહી અને મકાન રદ કરવા સુધીના કડક પગલાં લેવાની ચીમકી આપવામાં આવી છે.

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચુકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹6
ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેકસ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

CM PEST CONTROL
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017 (3568)

કબૂતર, મચ્છર જાળી
ઘરબેઠા ફિટીંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196 (10612)

વુલન સ્વેટર,
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત (201)

PRESIDENT PEST CONTROL
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250 (3569)

LCD તથા ટીવી નવી
તથા જુની લે- વેચ તથા અરજન્ટ રીપેરીંગ કરવા માટે મળો- 9016408862 શોએબભાઈ રીંગરોડ ભાઠેના (12503)

ઘરબેઠા તાત્કાલિક
LED રીપેરીંગ. દરેક ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ ટેલીફોન, રીમોટ, મોબાઈલ, કારવાં, રેડિયો, ટેપ, DVD, હોમથિયેટર, એમ્પ્લીફાયર, પ્રોજેકટર, બાઈક ચાર્જર, ટ્રીમર, કાનના મશીન તાત્કાલિક રીપેરીંગ/ વેચાણ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184 (12970)

મિલ્કત ભાડેથી

ભાડે આપવાનો છે
2 બેડરૂમ સેમી ફર્નિસ્ડ ફ્લેટ તારવાડી સિગ્નલ પાસે દલાલ માફ. ફોન- ૯૮૪૫૫૧૬૬૩૩. (12936)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

આશાપુરી 23/11.
પૂનમ, ડાકોર, અંબાજી, સુન્યામાતા, આબુ, શ્રીનાથજી 30/11. જગન્નાથપુરી, ગંગાસાગર, કામાખ્યાદેવી, બૈજનાથ 24/12. અષ્ટવિનાયક, પાંચ જ્યોર્તિલિંગ. 24/12. 9426741783 (12965)

ઝૅં શિવ ટ્રાવેલ્સ
17 18 નવેમ્બર (ઉદેપુર જયપુર ખાટુશ્યામ શ્રીનાથજી માઉન્ટઆબુ) (ગોકૂળ મથુરા વૃન્દાવન) (સફેદરણ કચ્છ માતાનો મઠ માંડવી કોટેશ્વર અંજાર) (દ્વારકા સોમનાથ દીવ વિરપુર) (જોધપુર જેસલમેર જુનારણુજા માઉન્ટઆબુ) (ધૃષ્ણેશ્વર ભીમાશંકર ત્ર્યંબકેશ્વર) 20 નવેમ્બર (મહાબળેશ્વર પંચગીની લોનાવાલા) (નાસિક શીર્ડી સપ્તશ્રુંગી) ખરવરશેરી ભાગળ સુરત 9537838949, 9327199997 (12969)

મિલ્કત વેચવાની છે

કોમર્શિયલ ઓફિસ
વેચવાની છે પીરામિડ આઈકન, ઉગટ રોડ, પાલનપુર જકાતનાકા, સુરત ખાતે રેડી- ટુ- મૂવ ઓફિસો વેચવાની છે. ઓફિસ વેચવાની છે. ઓફિસ નં. 402: 1770 ચો. ફૂટ ઓફિસ નં 403: 2436 ચો.ફૂટ સુવિધાઓ: ડેડિકેટેડ પાર્કિંગ, એલિવેટર, UPS બેકઅપ, AC અને પ્રાઈવેટ વોશરૂમ. પ્રાઈમ લોકેશન, મેટ્રો લાઈન નજીક. સંપર્કઃ 9726009242 (11502)

વેચવાનો છે
310 વારનો બંગલા માટેનો પ્લોટ સારી સોસાયટીમાં સોમેશ્વર સોસાયટી વેસુ પાસે મોબાઈલ - 9898076797 (12966)

વેચવાનો છે
5000 વારનો પ્લોટ ફી ઝોનમાં વેલુકગામ પછી જહાંગીરપુરા દાંડીરોડ પર મોબાઈલ 9898076797 (12967)

વેચવાનો છે
600 વારનો પ્લોટ બાપુજીની વાડી સુલતાનાબાદ ડુમ્મસરોડ મોબાઈલ 9898076797 (12968)

નોકરી વિષયક

Coco BP Navipardi
કંપની સંચાલિત પેટ્રોલપંપ પર કામ માટે સ્ટાફ જોઈએ છે (છોકરા/ છોકરી). Coco BP Navipardi પેટ્રોલપંપ કામરેજ સુગરની સામે નવીપારડી કામરેજ સુરત આકર્ષક પગાર. 9104538350, 9979040002 (12962)

દુકાન ના કામ માટે
માણશ ની જરૂર છે. નેવટીવાલા ટાવર પાસે પોલીસ ચોકીની બાજુમાં સુરત (12964)

માપ લેવા માટે માસ્ટર
જોઈએ છે સુટ, શર્ટ, પેન્ટ, શેરવાની, કુર્તા પાયજામા માટે જેન્ટસ માસ્ટર જોઈએ છે. ઈરફાન ટેક્ષટાઈલ (મોતીવાલા) શોરૂમ સંપર્ક- 9825139287 સમય- સવારે 11 થી રાત્રે- 10 (12963)

જોઈએ છે
ટર્નર ફીટર, ડ્રીલમેન, હેલ્પર સચીન એરિયા માટે ફોનઃ 9925144406 (12937)

રસોઈયા જોઈએ છે
અલ્થાણ, ચાઈના ગેટ નં ૨ પાસે આવેલ આશીર્વાદ રેસિડેન્સીમાં દરરોજ બે ટાઈમ રસોઈ બનાવવા માટે રસોઈયાની જરૂર છે. સંપર્કઃ વીણાબેન મોઃ 9898503100 (409)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.